મિસાઈલક્ષેત્રના માંધાતા એવા ડૉ.શ્રીવાસ્તવે IIT ગાંધીનગરમાં વકતવ્ય આપ્યું

# ખતરો ઝીલી શકે અને સામનો કરી શકે તેવા નવા સ્પેસ વેપનની હાલ દેશને જરૂર છે

અમદાવાદ, રવિવાર

ભારતે છેલ્લા કેટલાક સમયમાં સ્પેસ અને ડીફેન્સ ટેકનોલોજી ક્ષેત્રે ઘણી પ્રગતિ કરી છે અને ડિફેન્સ ટેકનોલોજીનો જ એક ભાગ સ્પેસ ટેકનોલોજી છે ત્યારે સ્પેસ ટેકનોલોજી ક્ષેત્રે ખતરો ઝીલી શકે અને સામનો કરી શકે તેવા બંને રીતના નવા સ્પેસ શસ્ત્રો હાલના સમયની દેશની મોટી જરૂરીયાત છે.જેના પર એંજીનેરી યુવાનોએ ધ્યાન આપવાની જરૂર છે.તેમ દેશના મિસાઈલ અને સ્પેસ ટેકનોલોજીમાં અગ્રણી સાયન્ટિસ્ટ ડૉ.વી.કે.શ્રીવાસ્તવે આઈઆઈટી ગાંધીનગર ખાતે વિદ્યાર્થીઓને આપેલા વકતવ્યમાં જણાવ્યુ હતું.

## ડિફેન્સ ટેકનોલોજી માટે આપણે કેટલાક મટીરિયલ આયાત કરવાં પડે છે જે આપણા દેશમાં વિકસે અને મટીરિયલ સાયન્સમાં વધુ રીસર્ચ થાય તે જરૂરી

આઈઆઈટી ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓ માટેની એન્યુઅલ ટેકનિકલ ઈવેન્ટ અમલ્થીયા ૨૦૧૯ અંતર્ગત આજથી શરૂ થયેલા ડીફેન્સ એન્ડ ઈન્ટરનલ ટેકનોલોજી સીમ્પોઝિયમના ઉદ્દઘાટન પ્રસંગે આવેલા ડીફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનના પૂર્વ ડિરેકટર ડૉ.વી.કે.શ્રીવાસ્તવે તેમના વકતવ્યમાં જણાવ્યુ હતું કે ભારતમાં ડીફેન્સ ટેકનોલોજીને હજુ પણ સુધારવાની જરૂર છે.સિવિલિયન લાઈફને સુધારવા માટે ડીફેન્સ સેકટરમાં નવી નવી ટેકનોલોજી ડેવલપ થતી હોય છે ત્યારે હાલ જે રોજિંદા જીવનમાં વપરાતી ઈન્ટરનેટ ટેકનોલોજીનો ઉદય પણ મિલીટરીના હેતુ માટે જ શોધાઈ હતી. ડિફેન્સ ટેકનોલોજી સાથે ડીફેન્સ ક્ષેત્રે કામ કરતા માણસોના પર્ફોમન્સના સુધારાની પણ એટલી જ જરૂર છે. સ્પેસ અને મીસાઈલ ટેકનોલોજી ક્ષેત્રે ભારત સામે હજુ પણ ઘણા પડકારો છે અને આ ક્ષેત્રે ઘણી તકો પણ રહેલી છે તેમ તેઓએ જણાવ્યુ હતું. તેઓએ વધુમાં કહ્યુ કે ડિફેન્સ અને મિસાઈલ ટેકનોલોજીમાં એમઆરઆઈવી એટલે કે મલ્ટીપલ ઈન્ડીપેન્ડલી ટાર્ગેટેબલ રીએન્ટ્રી વ્હિકલ એ ભવિષ્યની નવી ટેકનોલોજી છે.આ વ્હિકલ પૃથ્વીના વાતાવરણની બહાર નીકળી અનેક જગ્યાઓ પર ખતરાઓની ખાતમો કરીને ફરીથી પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશી જાય છે.જો કે ડીફેન્સ અને સ્પેસ ટેકનોલોજીમાં ભારત સામે રહેલા કેટલાક પડકારો અને મર્યાદાઓ અંગે વાત કરતા તેઓએ કહ્યુ કે હજુ પણ મિસાઈલ ટેકનોલોજીમાં આપણે વિદેશ પર આધાર રાખવો પડે છે.

કારણકે મિસાઈલમાં વપરાતા કેટલાક મટીરિયલ્સ કે તત્વો આપણા દેશમાં બનતા નથી અને વિદેશોમાંથી આયાત કરીને અહીં તેના પર કામ થાય છે.કેટલાક મટીરિયલ્સ એવા છે કે જેમાં બે કે તેથી વધુ તત્વોનું મિશ્રણ કરવામાં આવે છે અને જે મિસાઈલ ટેકનોલોજીમાં વપરાય છે.એમઆરઆઈવી માટે આવા જ એક મટીરિયલની જરૂર છે કે જે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ વખતે ગરમવાતાવરણ સામે મિસાઈલ ટકી શકે.જેથી હાલના યુવાન એન્જિનિયર્સને મટીરિયલ્સ સાયન્સ અને મટીરિયલ્સ રીસર્ચ પર વધુ ધ્યાન આપવાની જરૂર છે.જેથી ભારતમાં જ આપણે મીસાઈલ માટેના મટીરિયલ્સ બનાવી શકીએ.તેઓએ કહ્યું કે દેશના ઉચ્ચ શિક્ષણમાં પણ આ માટે સુધારો કરવો પડશે જેથી યુવાનો વધુ સ્પેસ-મીસાઈલ રીસર્ચ તરફ વળે. આપણે આપણી અલગ સેનાઓ એટલે કે આર્મ ફોર્સીસને પુરતી ટેકનોલોજીએ આપીએ છીએ પરંતુ આગામી સમયમાં આપણે કેટલીક નવી અને નાના પ્રકારની ટેકનોલોજીસ તેઓને પુરી પાડવી પડશે.અંતમાં ડૉ.શ્રીવાસ્તવે કહ્યુ કે આપણી સાયબર સીક્યુરીટી પણ સુધરશે જો આપણે દેશમાં સ્વતંત્રપણે કેટલુંક ડેવલપ કરીશુ.ડૉ.વી.કે.શ્રીવાસ્તવે ભારતની બેસ્ટ મિસાઈલ ગણાતી અગ્નિ, પૃથ્વી, ધનુષ અને પ્રકારના નિર્માણમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો.

## દિલ્હીમાં બ... પ્રાણીસંગ્રહ...

દિલ્હીમાં બર્ડફ્લુ પ્રસર્યો છે જેના પગલે ... દેવાયો છે. બર્ડફ્લુ પ્રસરતા ગુજરાતમાં

## કાંકરિયા ઝૂમાં એન્ટી વા...

દિલ્હીમાં બર્ડફ્લુને પગલે અમદાવાદ કાંકરિયા ઝૂમાં પક્ષીઓ પર ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યુ છે. બતક ,પોપટ સહિતના પાંજરાઓમાં ઝૂના કર્મચારીઓ એન્ટી વાયરલ , એન્ટી ફંગલ અને એન્ટી